# ભારતીય પ્રાચીન શાસ્ત્રો-ગ્રંથોમાં ફોરેન્સિક (ન્યાય સહાયક) વિજ્ઞાન

**ડૉ. એ.કે. ગણાત્રા**[1]

**Abstract**

ભારતીય જ્ઞાન પરંપરામાં વૈદિક વાંગ્મયમાં વેદ, ઉપનિષદ, સ્મૃતિ, પુરાણો અને મહાભારત - રામાયણ જેવા ઈતિહાસના ગ્રંથો તથા અન્ય ગ્રંથોમાં જુદા જુદા વિષયોના જ્ઞાનનો ભંડાર ભરેલો છે. તેમાં ન્યાયસહાયક વિજ્ઞાન પણ સમાવિષ્ટ છે. ભારતીય ગ્રંથોમાં ફોરેન્સિક વિજ્ઞાન ના આધુનિક સમયમાં જેનું વર્ણન કરી શકાય તેવા ઘણા વિષયો નો તેના પ્રારંભિક સ્વરૂપનો કહી શકાય તેવા વર્ણનો છે. ઋગ્વેદના ઉપવેદ આયુર્વેદ અને અથર્વવેદના ઔષધશાસ્ત્રના કેટલાક વિષયો જે ન્યાય સહાયક વિજ્ઞાન ગણી શકાય તેવું આચાર્ય ચરક રચિત આઠ અંગો પૈકીનું એક અગદતંત્ર (Toxicology) જે ફોરેન્સિક મેડીસીનનો ભાગ ગણી શકાય. તેવી જ રીતે આચાર્ય સુશ્રુત ની સંહિતામાં જુદી જુદી પ્રકારના વિષ, વિષ આપનાર / ભેળવનાર વ્યક્તિના લક્ષણો અને સારવાર વગેરેનો સમાવેશ સૂત્રસ્થાનના અલગ અલગ પ્રકરણમાં ઉલ્લેખ છે તે બાબત પ્રવર્તમાન સંદર્ભે ફોરેન્સિક સાયકિયાટ્રી, ફોરેન્સિક બિહેવીયર ગણી શકાય. જેનો સ્મૃતિઓમાં સમાવેશ થાય છે તેવી મનુસ્મૃતિ તેમજ યાજ્ઞવલ્કય સ્મૃતિમાં પણ ન્યાયસહાયક વિજ્ઞાનને લગતા ન્યાયના વિષયોને આધીન ગુના - અપરાધ નું નિરીક્ષણ કરી સજાને લગતા પ્રકરણોનો ઉલ્લેખ છે ઉપરાંતમાં વૈદિક સાહિત્ય પછીના (Post vaidic) ગણી શકાય તેવું કૌટિલ્યનું અર્થશાસ્ત્રમાં તેના ૧૫ અધિકરણો પૈકીનું ચોથું અધિકરણ જે "કંટકશોધન" નામે છે તેમાં પણ ફોરેન્સિક સાયન્સના વિવિધ ક્ષેત્રોનો સમાવેશ છે અને તેના આધારે ન્યાય કરવામાં આવે છે.

**Key words:** ફોરેન્સિક સાયન્સ, આશુમૃતક પરીક્ષણ

## Introduction

જેને હાલમાં ફોરેન્સિક સાયન્સ તરીકે ઓળખીએ છીએ તે કોઈપણ રાષ્ટ્રના શાસનમાં તત્કાલીન સમયમાં થતા ગુનાઓ / અપરાધો અને અપરાધ થયો હોય તેવી જગ્યાઓની તપાસ, શંક્તિ પુરુષોની, સાક્ષીઓની ઉલટ તપાસ તથા ઉપલબ્ધ પુરાવાઓને આધારે કરવામાં આવતી ન્યાય પ્રક્રિયાનું એક અતિ આવશ્યક અંગ છે. પ્રાચીન ભારતમાં રાજાશાહી હતી અને રાષ્ટ્રનો રાજા તેની સભા - ન્યાય સભા / ન્યાય સમિતિ દ્વારા ન્યાય કરી ગુનેગારોને દંડિત / સજા કરતા. ભારતીય સનાતન સંસ્કૃતિમાં ન્યાય નું શાસ્ત્ર ધર્મશાસ્ત્ર ગણાતું અને આ ન્યાય પ્રક્રિયાના વર્ણનો છે તે સ્મૃતિ ગ્રંથો ધર્મશાસ્ત્ર કહેવાય છે.

**"ધર્મશાસ્ત્રં તુ વૈ સ્મૃતિઃ।"**

આધુનિક સમયમાં ફોરેન્સિક સાયન્સમાં ફોરેન્સિક સાયન્સની જુદી જુદી પધ્ધતિઓ / શાખાઓ પ્રવર્તે છે. અને તેના દ્વારા વિજ્ઞાનની શોધો અને સિધ્ધાંતો ને આધારે ન્યાય સહાયક કાર્યો કરવામાં આવે છે. જો કે આવા સ્પષ્ટ રીતે અલગ અલગ વિભાગો ને પ્રાચીન ગ્રંથોમાં વિભાજીત કરેલા જોવા મળતા નથી જે તે સમયની સ્થિતિ પ્રમાણે સ્વાભાવિક રીતે ન જ હોય.

આધુનિક વૈજ્ઞાનિક પધ્ધતિએ જોતાં ફોરેન્સિક બાયોલોજી, ફોરેન્સિક કેમેસ્ટ્રી, ફોરેન્સિક ટોક્સીકોલોજી, ફોરેન્સિક પેથોલોજી, ફોરેન્સિક એન્થ્રોપોલોજી, ફોરેન્સિક એન્ટોમોલોજી, ફોરેન્સિક ઓડોન્ટોલોજી, ફોરેન્સિક સાયકોલોજી અથવા ફોરેન્સિક સાઈકિયાટ્રી, ફોરેન્સિક એન્જીનીયરીંગ, ડીજીટલ ફોરેન્સિક, સાયબર ફોરેન્સિક વગેરે અત્યાધુનિક ક્ષેત્રો દ્વારા ટેકનોલોજીનો વિકાસ થતાં ગુનાઓ અને ગુનાના સ્થળની તપાસ તથા સાક્ષીઓ અને પુરાવાઓના આધારે દોષિત ગુનેગારોને ન્યાય આધારિત સજા - દંડ કરવામાં ઉપયોગી બને છે.

### ફોરેન્સિક સાયન્સનો ઉદ્દભવ અને ઈતિહાસ

ફોરેન્સિક સાયન્સ એક મેડીકો લીગલ સાયન્સ છે. જે ન્યાયની પ્રક્રિયામાં પુરાવાઓને મેળવી આપીને ન્યાય કરવામાં મદદરૂપ થાય છે. વૈશ્વિક પરિપ્રેક્ષયમાં જોઈએ તો અતિપ્રાચીન એવી વૈદિક સંસ્કૃતિમાં ઋગ્વેદ અને અથર્વવેદ ના આધારે અસ્તિત્વમાં આવેલી પ્રાચીન ચિકિત્સા પધ્ધતિ ભારતીય આયુર્વેદ પધ્ધતિમાં આચાર્ય ચરકે મેડીકલ એથિક્સ અને આચાર્ય સુશ્રુત જે સર્જરીના આદ્ય પિતા ગણાય તેમણે આધુનિક સમયની ફોરેન્સિક પેથોલોજી કહી શકાય તેવી માનવના મૃતદેહ ની પોસ્ટમોર્ટમ પધ્ધતિ આપી. ત્યાર પછીના કાળક્રમે ની સંસ્કૃતિઓમાં બેબીલોનના રાજા હમુરાબીના કોડ, પછીથી ઈજિપ્ત, આરબ,

[1] એમ.એ.(હિન્દુ સ્ટડીઝ), પીજીડીબીએમ, એલએલબી, બી.વી.એસ.સી. એન્ડ એ.એચ, નિવૃત નાયબ પશુપાલન નિયામક, ગુજરાત રાજ્ય

ચાઈનીઝ અને ગ્રીક તથા રોમનોએ મેડીસીનની શાખાઓ વિકસિત કરી. હિપોક્રેટસને (ગ્રીક) ફાધર ઓફ મેડીસીન કહેવાય છે ત્યાર પછી યુનાની સિસ્ટમ ઓફ મેડીસીન પણ અસ્તિત્વમાં આવી.

ફોરેન્સિક શબ્દના મૂળમાં જઈએ તો પ્રાચીન રોમમાં ન્યાયની પ્રક્રિયાઓ ખુલ્લી જગ્યાઓમાં / જાહેરમાં થતી. "ફોરેન્સિસ" શબ્દનો અર્થ "જાહેરમાં" અથવા "જાહેર સભા" ("Public" or "of the Forum") થાય છે તેના ઉપરથી ફોરેન્સિક લેટિન શબ્દ અમલમાં આવ્યો.

પરંતુ ઈ.સ. ૧૨૪૮માં ચાઈનીઝ લેખક 'સોંગ સી' ના પુસ્તક Xi Yuan Lu (The washing away of wrongs) માં મૃત્યુના જુદા જુદા કારણો શોધવાની પદ્ધતિઓનો સૌ પ્રથમ આધુનિક ઉલ્લેખ મળે છે. જેને ફોરેન્સિક સાયસન્સની પ્રારંભિક અવસ્થા ગણી શકાય. પછીથી કાળક્રમે પ્રગતિ થતાં ઓગણીસમી સદીમાં ફિંગર પ્રિન્ટ, લોહીના જુદા જુદા જુથોની શોધ તથા વીસમી સદીના ઉતરાર્ધના અંત તરફ જતાં ડીએનએ ટેકનોલોજીની (૧૯૮૦) શોધ થવાથી અને આજના સમયમાં સાયબર ફોરેન્સિક (ડીજીટલ) ની ટેકનોલોજી પ્રાપ્ત થતાં અત્યારે ફોરેન્સિક સાયન્સ તેના ઉચ્ચ તબક્કામાં કામ કરી રહ્યું છે. હાલની ઉપલબ્ધ "Henry's Finger Print Classification System" ની શોધ કરવામાં મુખ્ય ભાગ ભજવનાર તે સમયના બે ઈન્ડિઅન પોલીસ ઓફિસર - સબઈન્સ્પેક્ટર અઝીઝ ઉલ હક અને હેમચંદ્ર બોઝ હતા તેવા સંદર્ભો મળ્યા છે.

**વિવિધ પ્રાચીન ભારતીય શાસ્ત્રોમાં ફોરેન્સિક પદ્ધતિઓ**

- **ઋગ્વેદઃ** ઋગ્વેદમાં દશમાં મંડલમાં 'સરમા-પણિ' સંવાદસૂક્ત છે. તેમાં સરમા ઈન્દ્રની દૂત (Messenger અને Spy) અને જાસૂસ છે. પણિએ ઈન્દ્રની ગાયો ચોરી લીધી હોય છે તે સરમા શોધી કાઢે છે અને પણિ ને ઈન્દ્રની સામે ન લડવા અને ગાયો પરત સોંપી દેવા જણાવે છે અર્થાત્ ગુપ્તચર અંગેનો પ્રાથમિક ઉલ્લેખ છે જે પુરાવા શોધી કાઢે છે.
- ગુપ્તચરો દ્વારા ગુનાઓ / ષડયંત્રો શોધી કાઢીને તેના સમાધાન શોધી કાઢવાના પ્રસંગો મહાભારત તથા કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં પણ જોવા મળે છે.
- **મહાભારતઃ** મહાભારતના શાંતિપર્વમાં તથા સ્મૃતિઓમાં તથા કોટિલ્યના અર્થશાસ્ત્રમાં ગુપ્તચરો અને જાસૂસો તથા દૂતોને રાખવા અંગેની વિગતવાર પધ્ધતિઓ તથા તેમના લક્ષણો અને કુશળતાઓ કેવી હોવી જોઈએ તેના માર્ગદર્શક સિધ્ધાંતો મળે છે.
- **આર્યુર્વેદઃ** ભારતીય પ્રાચીન ચિકિત્સા પધ્ધતિમાં આયુર્વેદનું આઠ ભાગોમાં વિભાજન કરવામાં આવ્યું છે. જેમાં શલ્યતંત્ર, શાલાક્યતંત્ર, કાયચિકિત્સા, ભૂતવિદ્યા, કૌમારભૃત્ય, અગદતંત્ર, રસાયણતંત્ર તથા વાજીકરણ તંત્ર નો સમાવેશ છે. તે પૈકીનું અગદતંત્ર જેમાં જુદા જુદા જીવો સાપ, કીટ, લૂતા (કરોળીયા), વીંછી, ઉંદર વગેરેનો વિષ - ઝેર થી થતા લક્ષણો તેનું નિદાન અને નિવારણના વર્ણનો ચિકિત્સા સંદર્ભે છે. તે આજના આધુનિક ફોરેન્સિક વિજ્ઞાન સાથે સરખાવીએ તો તેને Forensic Toxicology કહી શકાય.

अगदतन्त्रं नाम सर्पकीटलूता वृश्चिक मूषक आदि दष्टविषयव्यंगनार्थ
विविध विष संयोगोपशपनार्थं च ।

- સુ.સૂ. ૧/૮ (૮)

આચાર્ય સુશ્રુત દ્વારા પણ સારવાર અને નિદાનના ભાગરૂપે જે વર્ણનો ચિકિત્સા સંદર્ભે કર્યા છે તેમાં સ્પષ્ટ રીતે ફોરેન્સિક સાયન્સ દેખાય છે તેમાં -

Forensic Toxicology - નો ઉપયોગ ખોરાકમાં ભેળવેલ ઝેરના નિદાન માટે અગ્નિ પરીક્ષા કરવી. ઝેરી ખોરાકને અગ્નિમાં નાખવાથી અગ્નિની જવાળાઓ ડાબી અથવા જમણી તરફ ફંટાય છે અને મેઘધનુષ્ય જેવા રંગો તથા કર્કશ અવાજ ઉત્પન્ન થાય છે અને આવો ઝેરી ખોરાક જુદા જુદા પક્ષીઓ ખાય તો તે પક્ષીઓમાં પણ જુદા જુદા લક્ષણો જોવા મળે છે તેવી નિદાન પધ્ધતિઓ જણાવી છે.

આવું ઝેર આપનાર શંક્તિ વ્યક્તિઓની વર્તણૂંક કેવી હોઈ શકે તેવા સ્પષ્ટ વર્ણનો છે જેને Forensic Psychiatry અથવા Forensic Psychology શ્રેણીમાં મૂકી શકાય. પોતે ઝેર આપ્યું છે કે નહીં તેવું શંકાસ્પદ વ્યક્તિને પૂછવામાં આવે તો તેના લક્ષણો - જવાબ ન આપે, બોલતા બોલતા અચકાય, કોઈ કારણ વગર હસવા માંડે, આંગળીઓના ટચાકા ફોડે, જમીન ઉપરનું ઘાસ ઉખાડયા કરે, ચહેરો કાળો પડી જાય, માથામાં વારંવાર હાથ ફેરવ્યા કરે, ડરને કારણે ચારેકોર આંખોથી ચકળવકળ જુએ વિગેરે.

આચાર્ય ચરકે ઈન્દ્રિયસ્થાન નામના અધ્યાયમાં અરિષ્ટ લક્ષણોનો ઉલ્લેખ છે. જેમાં મૃત્યુ થવા ના સમય સંદર્ભમાં દર્દીના લક્ષણો દર્શાવ્યા છે તે પણ Forensic Anthropology માટેના એક પૂર્વ અભ્યાસ માટેનું અંગ ગણી શકાય એવું મારું માનવું છે. કારણ કે Forensic Anthropology સ્કેલેટલ એનાલીસીસ અને પુરાતત્વીય માનવ અવશેષો ની કાયદાકીય બાબતોનું વૈજ્ઞાનિક

વિશ્લેષણ કરતું શાસ્ત્ર છે.

- **ડીક્શનેરી ઓફ ધર્મ શાસ્ત્ર એન્સાયકલો પેડીઆઃ** સ્વામી પરમેશ્વરાનંદ દ્વારા ઉલ્લેખ થયા મુજબ પ્રાચીન ભારતમાં ગુનો / અપરાધ આચરનાર શંકાસ્પદ વ્યક્તિઓના મોંમાં સૂકા ચોખાથી તે વ્યક્તિનું મોઢું ભરાવી દેવુ અને પછી તેને થૂંકી કાઢવા કહેવું. તેમ કરવાથી થૂંકેલા ચોખામાં જો દોષિત વ્યક્તિ હશે તો ઓછી લાળ નીકળશે અને મોંમાં વધુ પડતા ચોખા ચોંટેલા રહેશે. આ રીતે લાળના આધારે દોષિત કે નિર્દોષ વ્યક્તિ અંગે ન્યાય કરવાની તે સમયની પધ્ધતિ સ્પષ્ટ રીતે Forensic Biology નો જ ભાગ ગણાય. જેમાં આધુનિક સમયમાં વ્યક્તિના લોહી, લાળ, વાળ વગેરેનો વૈજ્ઞાનિક ટેકનોલોજી (ડીએનએ) ના આધારે નિદાન થાય છે.
- **મનુસ્મૃતિઃ** ધર્મશાસ્ત્ર ગ્રંથોમાં અતિ પ્રાચીન મનુસ્મૃતિમાં કુલ ૧૨ અધ્યાયો છે. તે પૈકીના આઠમાં અધ્યાયમાં ખાસ કરીને શંક્તિ અથવા દોષિત વ્યક્તિ ના ગુનાઓ સંબંધી સાક્ષીઓ, તેના પુરાવા ને આધીન ન્યાય ના વિવાદો અંગે નિર્ણય કરવાની પધ્ધતિઓનો ઉલ્લેખ છે.

આઠમાં અધ્યાયના ત્રીજા શ્લોકમાં કુલ ૧૮ પ્રકારના વિવાદો હોય છે. જેનો ઉલ્લેખ કરીને પુરાવાઓ અને સાક્ષીઓ ને તપાસીને ન્યાય ના વર્ણન છે. જયારે ૨૫ માં શ્લોકમાં સ્પષ્ટ રીતે વ્યક્તિની બાહરી વર્તણૂંક ધ્યાને લઈ નિર્ણય કરવા જણાવે છે તે Forensic Psychology અથવા Forensic Psychiatry છે.

बाह्यैर्विँभावयें लिंगैः र्भावमन्तर्गतं नृणाम्।
स्वर वर्णेण्गिताकारैश्चक्षुषा चेष्टितेन च ॥ (8 -25)

આ શ્લોક મુજબ સ્મૃતિકાર ન્યાયાધીશને કહે છે કે, તેમણે વ્યક્તિના બાહરી લક્ષણો જેવાં કે અટકી અટકીને બોલવું, ગભરાઈ જવું, ગદ્દ ગદ્દ થઈ જવું, ચહેરો ઉદાસ થઈ જવો અથવા પ્રસન્ન થઈ જવો, ન્યાયાધીશની સામું ન જોવે અને આજુબાજુ અથવા નીચું જુએ, શરીર ધ્રુજે, પરસેવો વળી ગયો હોય, બે હથેળીઓ ને મસળે, ટચાકા ફડે, જીભ અથવા હોઠ કરડે આવા લક્ષણો દેખાય તો તેના અંતરભાવો વ્યક્ત કરે છે. તેથી સાક્ષી અથવા શંકાશીલ વ્યક્તિ નો ગુના અંગે આવા લક્ષણોનો અભ્યાસ કરી ન્યાયિક નિર્ણય કરવો જોઈએ.

- **યાજ્ઞવલ્કય સ્મૃતિઃ** ઈસવીસન પૂર્વેની સાતમી સદીનો આ સ્મૃતિગ્રંથ યાજ્ઞવલ્કય ઋષિ રચિત છે. જેમાં મુખ્યત્વે ત્રણ કાંડ - આચાર કાંડ, વ્યવહાર કાંડ અને પ્રાયશ્ચિત કાંડ છે. જે પૈકીનો વ્યવહાર કાંડ ખાસ કરીને ગુનાઓ / અપરાધો અંગેનો કાયદો અને કાયદાકીય પધ્ધતિઓ સમજાવે છે. વ્યવહાર કાંડમાં કુલ ૨૫ પ્રકરણો છે. જેમાંનું બીજું પ્રકરણ જે "અસાધારણ વ્યવહાર માતૃકા પ્રકરણ" માં જેને Forensic Psychology તરીકે વર્ણવી શકાય એવા અવિશ્વસનીય વ્યક્તિઓના બાહ્ય લક્ષણોનું વર્ણન છે. જે મોટે ભાગે મનુસ્મૃતિમાં દર્શાવેલ શંકાસ્પદ વ્યક્તિઓના લક્ષણો જેવા જ છે. વ્યવહાર અધ્યાયનું ૧૩ મું પ્રકરણ "ક્રીતાનુશય પ્રકરણ" છે જેમાં ખાસ કરીને ખરીદ - વેચાણના ગુનાઓ સબંધી પરીક્ષણના ઉલ્લેખો છે. તે Forensic Chemistry તરીકે ગણી શકાય. તેમાં સોનું, ચાંદી, તાંબુ, લોઢું વગેરેને આગમાં તપાવવાથી તેના જથ્થામાં કેટલા 'પણ'નો ઘટાડો થાય કે ન થાય તેવી ટકાવારી દર્શાવી છે. તેના આધારે છેતરપીંડી નક્કી કરી શકાતી. એજ પ્રમાણે કપાસ ના અલગ અલગ કેટેગરીના સૂતર, રેશમ, વલ્કલ વગેરેને તેની બનાવટ કે વણવાથી તેમાં કેટલી વધ - ઘટ થાય તેના આંકડાકીય પ્રમાણો આપેલા છે. જેને Forensic Physics ના સિધ્ધાંતો ગણી શકાય.

૨૩ માં પ્રકરણમાં જે "સ્તેય પ્રકરણ" છે. તેમાં ચોરી કરતા પકડાયેલ અથવા શંકાશીલ વ્યક્તિને "તુ કોણ છે?" આવું પૂછતાં તેના ચહેરાના હાવ-ભાવ બદલાઈ જાય છે. આવી વ્યક્તિઓની જીવન જીવવાની પધ્ધતિ વગેરે બાહ્ય લક્ષણોને આધારે તેને પકડવાની બાબત પણ Forensic Psychiatry ની વ્યાખ્યામાં ગણી શકાય. ચોરીના સંદર્ભે ચોરી જે ગામમાં થઈ હોય તે ગામ આવવા - જવાના રસ્તા ઉપર ચોરના પગલાં પડ્યા હોય તેવા તેના પદચિહ્નો "Foot Print" ના આધારે પણ ગુનેગારની ધરપકડ થઈ શકે. આ પણ Forensic Medicine માં જેમ Finger Print નો આધાર લેવાય છે તેવા જ પ્રકારનો "Foot Print" આધાર છે.

- **કૌટિલ્યનું અર્થશાસ્ત્રઃ** ઈસવીસન પૂર્વેની ચોથી સદીનો વિષ્ણુગુપ્ત નામ ધરાવતા કૌટિલ્યનું અર્થશાસ્ત્ર કુલ ૧૫ અધિકરણનું છે. તેમાં અર્થશાસ્ત્રના એટલે કે રાજ્યના તમામ સાત અંગો સહિતના શાસન કરવા અંગેનો વિસ્તૃત ગ્રંથ છે. તેમાંનું ચોથું અધિકરણ જેનું નામ "કંટકશોધન" છે. તેમાં જુદા જુદા ગુનાઓ, ગુનો બનેલ જગ્યાઓની તપાસ, સાક્ષીઓ તથા અન્ય લેખો / દસ્તાવેજો જેવા પુરાવાઓ અને

શંકાસ્પદ વ્યક્તિઓની તથા અન્ય વ્યક્તિઓની તપાસને આધારે ન્યાય અને દંડ ના વર્ણનો છે. જેમાં Forensic science ના જુદા જુદા વિષયોનો સમાવેશ છે.

**-** કંટકશોધન અધિકરણના "કારુકરક્ષણમ્" નામનો પહેલો અધ્યાય Forensic Physics and Forensic Chemistry માં સમાવેશ કરી શકાય તેવો છે. તેમાં ઊનના કપડાને ધોવાથી અને તેના વણાટની પ્રક્રિયા કરવાથી તેના જથ્થામાં થતી વધઘટ ની ટકાવારી ના પ્રમાણો દર્શાવીને છેતરપીંડી અથવા ગુનો નક્કી કરવાના વર્ણનો છે. એ જ રીતે સોનું, ચાંદી, લોઢું, સીસુ અને રાંગ જેવી ધાતુઓની વસ્તુઓની બનાવટ અને ઝારણની પ્રક્રિયામાંથી વજનની થતી ઘટ અને ખરા - ખોટા ચલણી સિક્કાઓની ઝવેરી (રૂપદર્શક - પારખી) પાસે કરાવવાના ઉલ્લેખો છે.

કંટકશોધન અધિકરણના ચોથા અધ્યાયમાં નકલી ચલણના સિક્કા બનાવનારાઓના શરીર ઉપરના કપડાં, કપડાં ઉપરની ધુમાડા / રાખની નિશાનીઓ, લોખંડમાંથી બનતા લુહારી કામ માટેના સાધનોની ખરીદી, સોનીના કામકાજ માટે વપરાતા ઓજારોની ખરીદી, લોખંડ, ખાતર, કોલસાની ખરીદીઓ મોટા પ્રમાણમાં કરતી હોય તેવી વ્યક્તિઓની ઓળખ વગેરે પ્રકારના લક્ષણો થી ન્યાયિક નિર્ણય કરવાની બાબત પણ Forensic Psychology ગણાય. એજ પ્રમાણે કંટકશોધન અધિકરણના છઠ્ઠા અધ્યાયમાં પણ ચોરી કરનાર ચોર લોકોની જીવન પધ્ધતિ, તેના પહેરવેશ, પૂછપરછ દરમિયાનના લક્ષણો જે બધા Forensic Psychology દર્શાવે છે. ચોરી કરવાની પધ્ધતિ અને ચોરી થયેલ જગ્યાના વર્ણનના આધારે ચોરી કરનાર ઘરની જ વ્યક્તિ છે કે કોઈ જાણભેદુ છે તેવા નિર્ણય ઉપર પહોંચવા અંગે Crime Scene ના વર્ણનોને આધારે ન્યાય કરવામાં આવે છે. ચોરની ચોરી કરવાના ગામના માર્ગમાં Foot Print - પદચિન્હો ઉપરથી ઓળખવાના પરીક્ષણ પણ Forensic Science નો Evidence નો એક ભાગ છે.

કંટકશોધન અધિકરણનો સાતમો અધ્યાય "આશુમૃતક પરીક્ષણ" (જેને આધુનિક ભાષામાં અંગ્રેજીમાં પોસ્ટમોર્ટમ કહેવામાં આવે છે.) સ્પષ્ટ રીતે મૃત્યુ પામેલ વ્યક્તિના શરીરના બાહ્ય ચિન્હનો, આંતરિક અંગોના પરીક્ષણ વગેરે બાબત Forensic Pathology ના વર્ણનો છે.

- જેમાં કોઈ ઈજા / ઘા / બિમારી વગર મૃત્યુ થયું હોય તો મૃત શરીરનું તેલમાં રાખી પરીક્ષણ કરવાની બાબત Forensic Chemistry દર્શાવે છે.

तैलाभ्यक्तम् आशुमृतकंम परिक्षेत् ।

- એવી જ રીતે ઝેરથી અથવા કોઈ વિષથી મરણ થયું હોય તો મરેલ વ્યક્તિના જઠરમાંથી અન્ન અંગેના પરીક્ષણો અને જો જઠરમાં અન્ન ન હોય તો તેના હૃદયનો એક અંશ કાપીને આગમાં મૂકવામાં આવે તો 'ચિટ-ચિટ' એવો અવાજ થાય અથવા મેઘધનુષ્ય સમાન લાલ - પીળા ધુમાડા નીકળે તો મૃત્યુ ઝેરથી થયાનું નિદાન થાય તે Forensic Chemistry છે.
- કોઈ વ્યક્તિને પાણીમાં ડુબાડીને મારી નાખ્યો હોય તો તેના શરીરના ચિન્હનો, લાકડીથી અથવા કોરડા મારીને મારી નાખ્યો હોય તો તેના ચિન્હનો, કોઈને મકાન ઉપરથી ફેંકીને મારી નાખ્યો હોય તો તેના ચિન્હનો વર્ણનો વગેરે બાબતો સ્પષ્ટ રીતે Forensic Pathology છે. કોઈને ફાંસીએ લટકાવીને મારી નાખ્યો હોય તો તેના હાથ-પગ સંકડાઈ ગયા હોય છે. આવા લક્ષણો એટલે કે Foot and lower limb ના ફેરફારો તથા musculoskeletal function નો અભ્યાસ Forensic Podiatry નો એક ભાગ ગણાય.

"तमेव संकुचित बाहुसक्थि मुद्बन्धहुतं विधात् ।"

હાથ - પગ કાળા પડી ગયા હોય, માંસ, રૂંવાડા તથા ચામડી ઢીલી પડી ગઈ હોય, મોંમાથી ફીણ નીકળતું હોય અને કપાયેલ ભાગમાંથી લોહી નીકળતું હોય તો કોઈ ઝેરી કીડો કરડાવીને માર્યો છે. એવુ સાબિત થાય. આ બાબત Forensic Entomology નો જ વિષય છે.

तमेव सशोणितदशं सर्पकीट हतं विधात् ।

- કોઈ વ્યક્તિ આત્મહત્યા કરી હોય તો તે કારણ શોધવા માટે મૃતકના પાડોશી / ઘરના નોકરો / મૃત્યુસ્થળની આજુબાજુ ફરતા લોકોની તથા તેણે જેને છેલ્લે બોલાવ્યા હોય તેવા લોકોની પુછપરછ, મૃતકના કપડાં, છત્રી, જૂતા, માળા, પહેરવેશ, ઘરેણાં, આભૂષણ વગેરેની તેણે ખરીદી કરી હોય તેવી વસ્તુઓ વેચનાર વ્યાપારીઓની પુછપરછ અને મૃતકનો કોની કોની સાથે સબંધ હતો, કોને મળતા હતા, કોની સાથે કોઈ વેપાર કરતા હતા વગેરે તપાસના આધારે હત્યારાની શોધ કરવી આ બધી બાબત સ્પષ્ટ રીતે Forensic Social - Verbal Autopsy ની વ્યાખ્યામાં સમાવિષ્ટ થાય.
- એવી જ રીતે અલગ અલગ કિસ્સાઓમાં સાક્ષીઓના પુરાવા, માલિકી હોવા બાબતના લેખો - દસ્તાવેજો વગેરે

બાબતોના આધારે ન્યાય Forensic Evidences ગણાય.

**નિષ્કર્ષ**

ભારતીય પ્રાચીન ગ્રંથો-શાસ્ત્રોમાં જેવા કે આયુર્વેદ, મનુસ્મૃતિ, યાજ્ઞવલ્કય સ્મૃતિ, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર વગેરેમાં જે ન્યાયની પ્રક્રિયાઓ દર્શાવી છે તે, તે સમયના દેશ, કાલ, સ્થિતિ મુજબ ત્યારની પ્રચલિત પ્રથા અને પધ્ધતિઓ મુજબના ન્યાય સહાયક પધ્ધતિઓના મૂળમાં વૈજ્ઞાનિક અભિગમ ચોક્કસ જ હતો. જે આજના Forensic Medicine માટેનું એક પૂર્વ સંદર્ભનું આદિ સ્વરૂપ ગણી શકાય. જેમાં Forensic Science ના Chemistry, Physics, Psychology, Pathology વગેરે વિષયો સાથે આ પધ્ધતિઓ બંધબેસતી છે. એટલે કે પ્રાચીન ભારતીય ગ્રંથશાસ્ત્રોમાં પણ Forensic Science અસ્તિત્વ ધરાવતું હતું.

**Works Cited**


૧. વૈદ્ય દયાલ મુનિઆર્ય, "ઋગ્વેદ ભાષ્ય ભાગ -૪" વાનપ્રસ્થ સાધક આશ્રમ, રોજડ, ગુજરાત.

૨. વૈદ્ય રણજીત રાય દેસાઈ, "આયુર્વેદીક હિતોપદેશ", શ્રી વૈદ્યનાથ આયુર્વેદ ભવન લીમીટેડ, કલકત્તા.

૩. G.S. Sodhi and JasJeet Kaur [Current Science Vol. 88 No. 1, 10 January, 2005.]

૪. Song, Ci and Brian E, Mc Knight "The washing away wrong": Forensic Medicine in thirteenth centaury, China." Ann Arbor: Center for Chinese studies university of Michigan 1981 Print P.3.

૫. Dr. Maheshkumar N. Chaudhari "Forensic Science in Ayurved" ARC Journal of Forensic Science Volume-7, Issue 1, 2023, PP 20-26.

૬. શ્રી પંડિત હરગોવિંદ શાસ્ત્રી, શ્રી કુલ્લુક ભટ્ટ પ્રણીત "મનુસ્મૃતિ", ચોખમ્બા સંસ્કૃતભવન, વારાણસી.

૭. શ્રી પંડિત થાનેશચંદ્ર ઉપ્રેતી, "યાજ્ઞવલ્કય સ્મૃતિ" પરિમલ પબ્લીકેશન, દિલ્હી.

૮. શ્રી વાચસ્પતિ ગૈરોલા, "કૌટિલીય અર્થશાસ્ત્રમ્" ચોખંબા વિદ્યાભવન, વારાણસી.

૯. સ્વામી પરમેશ્વરાનંદ "Encyclopedia" "Dictionary of Dharm Shastra".

૧૦. "મહાભારત" ગીતા પ્રેસ, ગોરખપુર.

૧૧. Dr. Shailekh Mittal, Dr. Sonia Mittal, Dr. Moneeshindra Singh Mittal, "Evolution of Forensic Medicine in India" JIAFM, 2007-29 (4), ISSN: 0791-0973.

૧૨. Mustaq Ahmad, Md Abdus Samad Al-Azad et al. "The Historical Perspective of Forensic Medicine." J. Med. Sci. Res. Vol. II, No. 01, July, 2008.

૧૩. Dr. Shwetambari Joshi, Dr. Rajendra Urade and Dr. Mamata Adhao. "Death-An Ayurved Perspective" World Journal of Pharmaceutical research Volume-9, Issue-8, 1257-1270, ISSN-2277-1705.

૧૪. Vats Anurag and Bhardwaj Shreyasi "Indriya Sthan of Charak Samhita" The Phrma Innovation Journal 2020, 9(3): 13-16, www.thepharmajournal.com